ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૫ ટકા

# શહેરમાં અનલોક-૧નો ધમાકેદાર આરંભ

## શહેરના બજારોમાં અનોખી રોનક જોવા મળી તથા માર્ગો અવરજવરથી ધમધમ્યા













ગાંધીનગર, તા.૧

લૉકડાઉન-૪ની મર્યાદિત છૂટછાટ બાદ હવે અનલોક-૧ની ગાઈડલાઈન થોડી વધુ છૂટછાટ સાથે જાહેર કરવામાં આવી છે.જેમાં જનતા કરફયુનો સમય સાંજના ૯ વાગ્યાથી સવારના ૫ સુધીનો કરી રોજગાર ધંધાને સાંજે ૭ વાગ્યા સુધી ખુલ્લા રાખવાની અનુમતી આપવામાં આવી છે ત્યારે શહેર જાણે એક મર્યાદિત બંધનમાંથી મુકત થયું હોય તેમ લાગી રહ્યું છે.

આજે નગરના તમામ સેકટરોમાં મંજુરી મળ્યા મુજબ દુકાનો સાથે લારી ગલ્લા ખુલી ગયા હતા અને તમામ સ્થળે નગરજનોની ચહલ પહલ જોવા મળી હતી. દુકાનોમાં ખરીદી કરવા માટે લાઈનો લાગી હતી. સચિવાલય સંપૂર્ણ રીતે ખુલી જતા નગરના રસ્તાઓમાં વાહનોની અવરજવર પહેલાની જેમ જ જણાતી હતી. બસો અને રીક્ષાઓ વિના સુના થઈ ગયેલા માર્ગો પર બસો અને રીક્ષાઓની આવનજાવન સાથે ટ્રાફિક જોવા મળ્યો હતો. ટ્રાફિક સિગ્નલ પર પણ પહેલાની જેમ વાહનોની ભીડ જણાઈ રહી હતી. સાથે ફ્રુટ કે શાકભાજી વેચતા વેપારીઓ પણ લોકડાઉન પહેલા જેમ બેસતા હતા તેમ પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા. નગરમાં કેરી વેચનાર સર્કલે સર્કલે નજરે ચઢતા હતા અને ખરીદનારની સંખ્યા પણ દેખાઈ હતી. નગરની દુકાનોમાં સેનીટાઈઝર નજરે ચઢયા હતા. સાથે તમામ માસ્ક પહેરીને જ બહાર નીકળતા દેખાયા હતા. ઉપરાંત કપડાની દુકાન પણ શરૂ થઈ જતા ખરીદી કરવા જનાર તમામના હાથ સેનિટાઈઝ કરી ટેમ્પ્રેચર માપીને જ તેમને એન્ટ્રી આપવામાં આવી રહી હતી. રસ્તા પર વસવાટ કરનાર માણસો આજે ઘણાં દિવસે પોતાની રસોઈ માટે લાકડા કાપી એકત્ર કરતા નજરે ચઢયા હતા. ઘણાં દિવસે શહેરની રોનક પાછી આવી હોય તેમ લાગતું હતું. પાછલા કેટલાય દિવસોથી શાંત ગાંધીનગર વધુ શાંત બન્યુ હતું પરંતુ આજે નગરમાં ઘણા દિવસે નવો જીવ આવ્યો હોય તેમ લાગતું હતું.



કોરોનાના રોગ સામે લડતા દર્દીઓ સાથે તેમની સાથે ૨૪ કલાક હાજર રહેતા ડોકટર અને નર્સનો સ્ટાફ પણ કોરોનાને માત આપવા મથી રહ્યો છે તેમ કહી શકાય. આમજ, ગાંધીનગર સ્થિત અને એસ.વી.પી. હોસ્પિટલમાં ૪૫ દિવસ પોતાની કામગીરી બજાવીને ઘરે પરત આવેલ ડૉ. આકૃતિ પટેલ કે જેઓ સે-૨૩ વિરાટનગર સોસાયટીના રહીશ છે તેમનું સ્વાગત તેમના પરિવાર, સોસાયટીના સભ્યો તથા ગાંધીનગર મનપાના મેયર રીટાબેન પટેલ તથા કોર્પોરેટર નિલાબેન શુકલા દ્વારા કરવામાં આવ્યું હતું.

### શહેરની બ્લડબેંકમાં રક્તની અછત ઘટાડવા ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ કલબનો પ્રયાસ

## અખબારભવન ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૨૪ યુનિટ રક્ત એકત્ર

ગાંધીનગર, તા.૧

પ્રવર્તમાન કોરોના માહામારી વચ્ચે સમગ્ર ગુજરાત રાજ્યની બ્લડ બેંકોમાં રકતદાનનું પ્રમાણ ખુબ ઓછું થયું છે. આવા સંજાગોમાં હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રક્તની જરૂરીયાત ઉભી થવા પામી છે તેવા સંજાગોમાં ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ ક્લબ દ્વારા આયોજીત અને બ્લડ બેંક, જી.એમ.ઈ.આર.એસ, મેડીકલ કોલેજ ગાંધીનગર અને વૃધ્ધાશ્રમમાં મફત તબીબી સેવાઓ આપતી સંસ્થા સનસેટ મેડીકલ રીલીફ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે શહેરના , સેકટર-૧૧માં અખબાર ભવન ખાતે રકતદાન કેમ્પ - ૨૦૨૦ યોજવામાં આવ્યો હતો જેમાં કુલ ૨૪ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ તેમજ વિપક્ષાનાનેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, મ્યુનિસિપલ કાઉન્સિલર ચિમનભાઈ વિંઝુડા તથા ભાજપ અગ્રણી કેતનભાઈ પટેલે ઉપસ્થિત રહીને રકતદાતાઓને શુભેચ્છા પાઠવી હતી. મેયરે રક્ત એકત્ર કરવાની સેવા આપી રહેલા બ્લડબેંકના ડોક્ટરની ટીમ અને કેમ્પના આયોજકોની કામગીરીની ખુબ પ્રસંશા કરી હતી. રકતદાન કેમ્પમાં કુલ ૨૪ જેટલા લોકોએ રકતદાન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર એક્રેડીટેશન પ્રેસ કલબના પ્રમુખ





અનિરુધ્ધસિંહ ઝાલા તેમજ કિસાનરાજ દૈનિકના મેનેજીંગ તંત્રી ઈલેવાનભાઈ ઠાકરે પણ રકતદાન કરી ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

આ રકતદાન કેમ્પમાં રાજભવન ડીસ્પેન્સરીના સીએમઓ ડો. શશાંક સિમ્પી, માણસા સિવીલ હોસ્પિટલના એસ.એમ.ઓ. ડો. જીતેષ બારોટ, રીટાયર્ટ મેડીકલ ઓફિસર ડો. જે.જે. પરમાર, ગવર્નમેન્ટ આર્ટસ કોલેજના એનએનએસના કૃષ્ણવીરસિંહ ઝાલા, જી.એમ.ઈ. આર.એસ. સિવીલ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડો. કેશા પંચાલ, લેબ ટેકનિશિયન્સ દિશાબેન રાવલ, ધારા પંચાલ, સ્ટાફ નર્સ સેજલ પટેલ, કાઉન્સિલર અયુબ પટેલ વગેરેએ ઉપસ્થિત રહીને સેવાઓ પુરી પડી હતી. રકતદાન કેમ્પમાં દરેક રકતદાતાઓને ચિમનભાઈ વિંઝુડા દ્વારા માસ્ક અને અને સેનેટાઈઝરની એક એક બોટલ શુભેચ્છા ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી અને સનસેટ મેડીકલ રીલીફ ફાઉન્ડેશન તરફથી વોટર બોટલ અને ફાઈલ શુભેચ્છા ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.


## ગુજકોસ્ટ દ્વારા ધો-૧૨ સાયન્સ પછી કારકિર્દીના વિકલ્પો' વિષય પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા ગત શનિવારના રોજ ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કારકિર્દી માર્ગદર્શન ઉપર વેબિનાર - '૧૨ સાયન્સ પછી કારકિર્દીના વિકલ્પો'નું આયોજન થયું હતું જે ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ રહ્યો છે.

વિષયના નિષ્ણાતો આઈ.આઈ.ટી.- ગાંધીનગર એસોસિયેટ પ્રોફેસર પ્રો. ભાષ્કર દત્તા, રીસ્પોન્ડ એન્ડ રિસર્ચ ઈસરો, અમદાવાદના હેડ ડો. પારુલ પટેલ અને સિવિલ હોસ્પિટલ રાજકોટના મેડીકલ ઓફિસર ડો. ઝરના ધામેચાએ ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને વાલીઓને સાયન્સ પછી કારકિર્દીમાં રહેલી તકો વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ડો. પટેલે કમ્પ્યુટર સાયન્સ, મિકેનિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ્સની સાથે બાયોલોજીકલ સાયન્સ અને કેમિકલ સાયન્સનાં નિષ્ણાતોની ભૂમિકા વિશે વાત કરી સાથે તેમણે સ્પેસ એપ્લીકેશન સેન્ટર (એસએસી) ની કામગીરી વિશે પણ માહિતી આપી. વરિષ્ઠ વિજ્ઞાનીએ એસએસી - એકેડેમિક એસોસિએટ પ્રોગ્રામ વિશે પણ માહિતી આપી હતી જયાં વિદ્યાર્થીઓ વર્ક-એક્સપિરિયન્સ





ઈન્ટર્નશિપ, ડિઝર્ટેશન ઈન્ટર્નશિપ અથવા રિસર્ચ ઈન્ટર્નશિપ પ્રોગ્રામમાં જોડાઈને તેમનાં જ્ઞાન અને કુશળતા વધારી શકે છે. પ્રો.દત્તાએ પાયાના વિજ્ઞાનનાં વિષયો સાથેના વિવિધ કારકિર્દીના વિકલ્પો આપ્યા હતાં જેમાં તેમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું કે એવા વિષયો પસંદ કરવાં જે તમને ગમતા હોય અને તમે તેને સમજતાં હોવ અને અન્યથી પ્રભાવિત થઈને વિષય પસંદ કરવા નહી. પ્રો.દત્તાએ કલાઈમેન્ટ ચેન્જ અને પાણી સંબંધિત વિષયોની પસંદગી કરવા પર ભાર મૂક્યો હતો જે ભવિષ્યમાં મહત્વપૂર્ણ બનશે. વર્તમાન કોવિડ ૧૯ પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા પ્રો.દત્તાએ જણાવ્યું હતું કે આરોગ્ય અને સલામતી સાથે સંબંધિત જીવવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર હંમેશાં ચર્ચિત રહેશે.

ડો. ઝર્નાએ ઉચ્ચતર માધ્યમિક શાળા પાસ-આઉટને મેડિકલ અને એલાઈડ અભ્યાસક્રમોની માહિતી આપી હતી. તેમણે આરોગ્ય ક્ષેત્રે નર્સો, ફાર્માસિસ્ટ્સ અને કેમિસ્ટની નોકરી કરતી વખતે ઉત્સાહિત હોવા પર ભાર મૂક્યો હતો.

## શિહોલી મોટી ગામથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીગનર નજીક આવેલા શિહોલી મોટી ગામે જુગાર રમતા ત્રણ શખ્સો પોલીસના હાથે જડપાયા છે. ચિલોડા પોલીસે બાતમીને આધારે શિહોલી મોટી ગામે બ્રહ્માણી માતાના મંદિર પાસે આવેલી ખુલ્લી જગ્યામાં રમાતા જુગાર પર દરોડો પાડયો હતો. જેમાં ગામના જીગર પરબતજી ઠાકોર, નરેશજી માધાજી ઠાકોર, પ્રવિણજી બાલુજી ઠાકોર જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે જુગારીઓ પાસેથી દાવ ઉપરથી અને અંગ ઝડતી દરમિયાન રૂ. ૨૦૩૦ રોકડા રૂપિયા અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭૦૩૦ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ રામાભાઈ સેંધાભાઈ, ઉ.વ. ૬૧, સે-૨૬
- સ્વ. પરમાર નટવરલાલ હરજીભાઈ, ઉ.વ. ૮૨, સે-૧૪
- સ્વ. સેમીબેન જેઠાભાઈ સોલંકી, ઉ.વ. ૬૫, મુ. દેવકરણના મુવાડા
- સ્વ. પટેલ શાંતાબેન ચીમનભાઈ, ઉ.વ. ૭૯, સે-૨૨

# શહેરમાં શાળાઓ હમણાં શરૂ ન કરવા વાલીઓની માંગ

ગાંધીનગર, તા.૧

લૉકડાઉન-૪ની સિરીઝનો હવે અંત આવ્યો છે અને અનલોક-૧ નવા નીતિ નિયમ મુજબ અમલમાં આવી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં સવારના ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી વેપાર ધંધાની છૂટ આપવામાં આવી છે. સાથે સવારે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી કરફ્યુનો અમલ કરવાનું જણાવાયું છે સાથે એસ.ટી.બસને ૬૦ ટકા સિટીંગ સાથે મંજુરી સાથે ઓડ-ઈવન પધ્ધતિથી ચાલતી દુકાનોને કરફયુ સિવાયના સમય સુધી ખુલ્લી રાખવાની મંજુરી ઉપરાંત સરકારી અને પ્રાઈવેટ ઓફિસને શરુ કરવા સાથે કાર અને ટુ વ્હીલરની સિટીંગ વ્યવસ્થામાં મુસાફરી કરવાના નિયમોમાં પણ ફેરફાર લાવવામાં આવ્યા છે.

પરંતુ અનલોક-૧ના બીજા તબક્કામાં શાળા કોલેજો શરુ કરવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા જે તે રાજયો પર છોડવામાં આવ્યો છે ત્યારે વાલીઓ દ્વારા હાલ શાળા શરુ કરવામાં ઉતાવળ ન કરાય તેમ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને વિનંતી કરવામાં આવી છે.

વાલીઓના જણાવ્યા મુજબ હજી ગુજરાતમાં કોરોનાનો ભય ટળ્યો નથી. વિદ્યાર્થીઓ ભલે બાલમંદિરમાં હોય, ૧૦માં ધોરણમાં હોય કે ધો-૧૨માં હોય પણ શાળામાં તેમના દ્વારા સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, માસ્ક પહેરવું કે સેનિટાઈઝરનો વારંવાર ઉપયોગ થાય તે શકય નથી. બાળક ભણવાના સમય દરમિયાન ચાર થી પાંચ કલાક સુધી સરખું માસ્ક પહેરીને બેસી રહે તે અપેક્ષા તો વધુ પડતી છે. ઉપરાંત ઘણા વિદ્યાર્થીઓ શાળાએ આવવા જવા માટે અપડાઉન કરે છે અને આ માટે હજી ટ્રાન્સપોર્ટેશનની સગવડ કરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. દરેક બાળક પોતાના ઘરેથી જ શાળાએ જતો હોય તેવું નથી અમુક બાળકો હોસ્ટેલ કે બોર્ડિંગમાં રહીને ભણતા હોય છે તે દરેકના માતા પિતાની ચિંતા પણ વ્યાજબી છે. શાળામાં કોઈ એક વિદ્યાર્થીને શરદી-ઉધરસ થયા હોય તો વર્ગમાં ઘણા વિદ્યાર્થીઓને ચેપ લાગવાની શકયતા છે અને આ બાબતને સરળતાથી તો ન જ લઈ શકાય

માની લઈએ કે શાળા શરુ થાય અને વિદ્યાર્થીઓ આવવા પણ લાગે પરંતુ વર્ગમાં રહેલ વિદ્યાર્થીઓની સંખ્યા, માસ્ક અને ડિસ્ટન્સની સાવચેતી બાબતે સતત ચેકિંગ વ્યવહારિક દષ્ટિએ અઘરું છે. વાલીઓ તેમની વાતમાં ખાસ ઉમેરે છે કે, અમારા બાળકો કદાચ એક વર્ષ સુધી નહીં ભણે તો જીંદગી હારી નથી જવાના પણ આ કોરોનાની મહામારી સામે આપના નેતૃત્વ હેઠળ આપણે સૌએ આટલી લડત આપી છે ત્યારે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય બાબતેનો નિર્ણય ઉતાવળિયો સાબિત ન થાય તે જોવું રહ્યું.

### શાળાઓ શરૂ કરવામાં સરકાર ઉતાવળ નહિ કરે : ભૂપેન્દ્રસિંહ

**ગુજરાતના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગાંધીનગર સમાચારની મુલાકાત લેતા જણાવ્યું હતું કે, તેઓ દરેક બાળકને પોતાનું બાળક માનીને જ આગળનો કોઈ પણ નિર્ણય લેશે. અનલોક-૨ના બીજા અઠવાડિયા બાદ શાળાને ખોલવી કે નહિ તે અંગેનો નિર્ણય લેવાશે.**

